આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨ — ૧૩ માર્ચ, ૨૦૧૪, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૨ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


કુદરતી જીવન જીવો, સાદું પણ કસવાળું જમો, ખૂબ કામ કરો, હસો, ખેલો, ફરો આરોગ્ય તમારી મુઠ્ઠીમાં છે જ... દવાખાના શોધવા નહીં જ પડે

- *મોરારિ બાપુ*

## મતદાર નોંધણીમાં નિષ્કાળજી માટે ૮ કર્મચારીઓને નોટીસ

### પાંચ ઝોનલ ઓફિસર અને ૩ બી.એલ.ઓ. રાઉન્ડમાં ગેરહાજર જણાતા ખુલાસો મંગાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર(દ) વિધાનસભા મતદાર વિભાગમાં પંચના મતદાર નોંધણી અભિયાનમાં કામગીરી માટે બેકાળજી દાખવનાર પાંચ ઝોલન ઓફિસર અને ૩ બી.એલ.ઓ.ને તંત્રએ નોટીસ ફટકારી ખુલાસો માંગતા તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૯મી માર્ચના રોજ કેન્દ્રીય ચૂંટણી પંચે યોજેલા વિશેષ અભિયાનમાં ઉચ્ચ અધિકારીઓના રાઉન્ડમાં આ કર્મચારીઓ ગેરહાજર જણાયા હતા. આ બાબતે જિલ્લાના આ વિસ્તારના નોંધણી અધિકારીને જાણ કરવામાં આવી હતી. જેના પગલે આ નોટીસો આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ઈન્કમટેક્ષના દરોડા

### નવા ગાંધીનગરના બે બિલ્ડરોને ત્યાં બપોરથી મોડી સાંજ સુધી ચાલેલુ સર્ચ ઓપરેશન : કેટલાક વાંધાજનક દસ્તાવેજો અંગે થયેલી પૂછપરછ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના બે બિલ્ડરોને ત્યાં આજે બપોર બાદ ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓએ સર્ચ ઓપરેશન કરી સર્વે હાથ ધરતાં બિલ્ડરોમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓએ આજે બપોરના સુમારે આ બંને બિલ્ડરોની ઓફિસ પર ત્રાટકી અને તપાસ હાથ ધરી હતી. આ તપાસ મોડી સાંજ સુધી ચાલુ રહેવા પામી હતી.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આ બિલ્ડરોની સાઈટો આવેલી છે જયાં તેમની વૈભવી ઓફિસોમાં આ ઓપરેશન ચુનંદા અધિકારીઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. મળતી વિગતો પ્રમાણે આ બિલ્ડરોને ઈન્મકટેક્ષ વિભાગ દ્વારા કેટલીક મહત્વની પુછપરછો પણ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બે અધિકારીઓને મકાન સોંપવા હુકમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા બાદ સરકારી આવાસો ખાલી નહિ કરનાર બે ઉચ્ચ અધિકારીઓને ૩૦ દિવસમાં મકાનનો કબ્જો સરકારને સોંપી દેવાના હુકમો સક્ષમ અધિકારી દ્વારા થતાં તંત્રમાં આ વાતને લઈ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે બે ઉચ્ચ અધિકારીશ્રી ચંદ્રશેખર અને શ્રી એ.કે. શર્મા નિવૃત્ત થઈ ગયા બાદ પણ સરકારી બંગલાનો ભોગવટો ચાલુ રાખતાં માર્ગ-મકાન વિભાગે સક્ષમ અધિકારીની કોર્ટમાં આ અંગે કેસ દાખલ કર્યા હતા.

દાખલ કરાયેલા આ કેસના ચુકાદા આવી જતાં તંત્ર દ્વારા હવે આ મકાનોનો કબ્જો મેળવવાની કાર્યવાહી હાથ ધરવાના ચક્રો ગતિમાન કરાયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શ્રી એસ. ચંદ્રશેખર ૨૦૦૯માં નિવૃત્ત થયા છે તો શ્રી શર્મા ૨૦૧૩માં નિવૃત્ત થયા છે. આ બન્ને અધિકારીઓને સે. ૧૯માં સરકારી આવાસો ફાળવવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં હાલ મકાન મેળવવા માટે એકતરફ વેઈટીંગ લીસ્ટ ચાલે છે તો બીજી તરફ અધિકારીઓ મકાન ખાલી કરી રહ્યા નથી. જે ઉલ્લેખનીય છે.







જ્ઞાનની કસોટી - ગુરૂવારથી આરંભાયેલ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની જ્ઞાન ચકાસણી માટે પરીક્ષાનો આરંભ થયો હતો. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપતા નજરે પડે છે... જ્યારે પરીક્ષા કેન્દ્રોની બહાર વાલીઓની ભારે ભીડ જોવા મળતી હતી. *(તસવીર : દિપક જાની)*



દ્રાક્ષ એટલે દ્રાક્ષ - દ્રાક્ષ ખાટી હોય કે મીઠી હોય, દ્રાક્ષ એટલે દ્રાક્ષ.... ગ્રીષ્મના આગમનના પગલે ઠંડક આપતી લીલી દ્રાક્ષ ગાંધીનગરના તમામ ચાર રસ્તે દેખાવા લાગી છે... સ્વસ્થ આરોગ્ય માટે લીલી દ્રાક્ષનો મહિમા આયુર્વેદિક અને એલોપેથી બંને ક્ષેત્રમાં ગણાવાય છે... વિશેષ કરીને બાળકો અને વૃદ્ધો માટે દ્રાક્ષ ખૂબ જ ઉપયોગી ફળ છે... દ્રાક્ષને નવરાશની પળોમાં મમળાવવાની મજા જ કંઈક ઓર હોય છે.... પરિવાર સાથે ઠંડી દ્રાક્ષની મિજબાની માણવી એક અનોખો લ્હાવો છે.... *(તસવીર : દિપક જાની)*

## કલેક્ટર કચેરીમાં સ્વચ્છતાના મુદ્દે બે અધિકારીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે કચેરીની સ્વચ્છતા ન જાળવવા માટે જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપે નોટીસ આપી અધિકારીઓના ખુલાસા માંગતા તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આજે સવારે જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ અને અધિક જિલ્લા કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયા કલેક્ટર કચેરીના રાઉન્ડમાં નીકળ્યા હતા. આ રાઉન્ડ દરમ્યાન ડીસ્ટ્રીક્ટ મ્યુનિસીપાલીટી ઓફિસરની કચેરી અને સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટની કચેરીમાં ભારે ગંદકી જણાતા જિલ્લા કલેક્ટર ચોંકી ઉઠ્યા હતા.

તેમણે આ બન્ને કચેરીઓના અધિકારીઓને સ્વચ્છતા કેમ જળવાતી નથી તેવી કારણદર્શક નોટીસ પાઠવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ આજે તેમના કચેરી ઈન્સ્પેક્શન દરમ્યાન જિલ્લામાં ચાલી રહેલી ચૂંટણીની કામગીરીને પણ નિહાળી હતી. તેમણે વિડીયો વ્યુવીંગ ટીમ માટે ફાળવેલી જગ્યા, કોલ સેન્ટર, ઉપરાંત મિડિયા મોનીટરીંગ સેલની કામગીરી અંગેની જાણકારી મેળવી હતી. તેમણે મતદાર સહાયતા કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરશ્રીએ મધ્યાહન ભોજન યોજનાની કચેરી તેમજ સ્ટેમ્પ ડ્યુટી અને જમીન સંપાદન અધિકારીની કચેરીની મુલાકાત લીધી હતી.

તેમણે જિલ્લાના અધિકારીઓને ઓફિસમાં સ્વચ્છતા જળવાય તે માટે ખાસ આગ્રહ કરી અને કચેરીને અનુરૂપ કામગીરી ઝડપી બને તે જોવા જણાવ્યું હતું.

મળતી વિગતો મુજબ કલેક્ટરશ્રીએ કચેરીના રિનોવેશનની ચાલતી કામગીરી અંગેની વિગતો પણ મેળવી કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે જોવા અધિકારીઓને જણાવ્યું હતું.

બે દિવસ પૂર્વે જ અધિક જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મોડિયાએ રાઉન્ડ લીધો હતો ત્યારે પણ અધિકારીઓને આ મુદ્દે ટપાર્યા હતા.

કલેક્ટર કચેરીની સ્વચ્છતાને લઈ ઉભા થયેલા પ્રશ્નાર્થોથી આજે તંત્ર એકાએક દોડતુ થઈ જવા પામ્યુ છે. તંત્રના અધિકારીઓને આ માટે વિશેષ કાળજી લેવા પણ તાકીદ કરવામાં આવી છે.

## કડી કેમ્પસ સ્થિત મમતા આઈ.એ.એસ. સેન્ટરના ત્રણ વિદ્યાર્થી યુ.પી.એસ.સી.માં સફળ

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના ત્રણ વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી. દિલ્હી ખાતે મૌખિક ઈન્ટરવ્યુ આપવા માટે સિલેકશન થવા પામ્યુ છે. સેક્ટર-૨૩ ખાતે કડી શિક્ષણ સંકુલમાં મમતા આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર દ્વારા આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ., આઈ.આર.એસ., પરીક્ષાની તાલીમ આપવામાં આવે છે અને રાજયના વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસીસ પરીક્ષાની પદ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવે છે.

તાજેતરમાં ડિસેમ્બર-૧૩માં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા અગાઉ લેવાયેલ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મમતા ટ્રેનિંગ સેન્ટરના પાંચ વિદ્યાર્થીઓમાંથી ત્રણ વિદ્યાર્થીઓ પ્રારંભિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે ત્યારે આ ત્રણ વિદ્યાર્થીઓ કૃણાલ રાઠોડ, રવિન્દ્ર પટેલ અને સંદીપ સવાણી મૌખિક ઈન્ટરવ્યુ આપવા માટે દિલ્હી ખાતે ઉપસ્થિત રહેશે.

સંસ્થાના વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી.ની પ્રારંભિક પરીક્ષામાં ઉત્તિર્ણ થતા મમતા સેન્ટર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. તેમજ મૌખિક પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ સંસ્થાનું ગૌરવ વધારે તે માટે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવામાં આવ્યા છે.


**સ્ટાફ જોઈએ છે**

**સેલ્સ રિસેપ્શનીસ્ટ** (ફીમેલ) (અનુભવી/બિન અનુભવી)

**સેલ્સ એક્ઝીક્યુટીવ** (મેલ) ફીલ્ડમાં ફરી શકે તેવા

આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ

**ખુશ્બુ ઓટો એજન્સી**

૨૮/બી, જીટીએસ રોડ, સેક્ટર-૩૦, ગાંધીનગર

મો. : ૯૪૨૬૦ ૪૮૫૨૧, ૦૭૯-૨૩૨૬૧૪૫૭





## વડોદરા માટે કોંગી ઉમેદવાર નરેન્દ્ર રાવત

### ભાવનગર માટે પ્રવિણ રાઠોડ પક્ષની આંતરિક ચૂંટણીમાં શાનદાર વિજયી થયા હતા : વડોદરામાં પણ આંતરિક ચૂંટણીમાં રાવત વિજયી થયા હતા

અમદાવાદ, તા.૧૩

કોંગ્રેસે પક્ષમાં લોકસભાના ઉમેદવારોની આંતરિક ચૂંટણી પ્રક્રિયાથી પસંદગી કરવા હાથ ધરાયેલી કાર્યવાહીમાં વડોદરા લોકસભાની બેઠક માટે નરેન્દ્ર રાવત અને ભાવનગરની બેઠક માટે પ્રવિણ રાઠોડને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડો. મનિષ દોશી જણાવે છે કે કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના માર્ગદર્શનથી કોંગ્રેસપક્ષની આંતરિક લોકસહી મજબુત કરવાના ભાગરૂપે સંગઠનમાં યુથ કોંગ્રે, એનએસયુઆઈમાં ચૂંટણી પ્રથા દાખલ કર્યા બાદ દેશમાં આગામી લોકસભાના કોંગ્રેસપક્ષના ઉમેદવાર પસંદગી માટે પાઈલોટ પ્રોજેક્ટ પ્રાઈમરી ૧૬ બેઠકો પર આંતરિક ચૂંટણી યોજાઈ રહી છે. જેમાંથી ગુજરાતમાં ભાવનગર અને વડોદરા બે લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. ભાવનગર લોકસભાની બેઠક માટે ૯મી માર્ચે પ્રાઈમરી લોકસભા ઉમેદવાર પસંદગી ચૂંટણી યોજાઈ હતી જ્યારે વડોદરા લોકસભાના ઉમેદવાર પસંદગી માટે ૧૩મી માર્ચના રોજ ચૂંટણી યોજાઈ હતી. વડોદરા લોકસભા બેઠક માટે પ્રાઈમરી ચૂંટણીના યોજાયેલા મતદાનની વિગતો અનુસાર કોંગ્રેસપક્ષના લોકસભા બેઠક માટે કુલ ૬૦૭ મતદાન હતા તેમાંથી ૫૧૪નું મતદાન થયું જેમાંથી ૫૫ મત રદ બાત થયા. નિમ મુજબ મતદાનના ૫૦ ટકા જે ઉમેદવાર મત મેળવે તેને પ્રથમ પ્રેફરન્સથી ચૂંટાયેલા જાહેર કરવામાં આવે પણ, વડોદરામાં પ્રથમ પ્રેફરન્સમાં ૫૦ ટકા મત ન મેળવતા બીજા પ્રેફેરન્સ ગણત્રીમાં લીધા પછી નરેન્દ્ર રાવતને ૨૬૫ મત મેળવતા ચૂંટયેલા જાહેર કરવામાં આવ્યા છે.


Art, Beauty & Magic of Handicraft & Handloom of India

**ગાંધીનગર શોપિંગ ફેસ્ટીવલ**



તા. ૮/૦૩/૨૦૧૪ થી તા.૨૩/૦૩/૨૦૧૪

એન્ટ્રી અને પાર્કિંગ ફ્રી

સમય : બપોરે ૧૧.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી

કશ્મીરથી કન્યાકુમારી, પશ્ચિમ બંગાલ થી રાજસ્થાન સુધી ૧૦,૦૦૦ થી વધારે વસ્તુ પ્રદર્શન સાથે વેચાણ એક જ સ્થાન પર

સ્થળ : ઘ-૫, ઓપન થીયેટરની બાજુમાં, સેક્ટર ૧૬, ગાંધીનગર


### NEWS બિટસ

***અડવાણીને ભોપાલથી લડવા આમંત્રણ***

ભાજપના રાષ્ટ્રીય નેતા અને



ગાંધીનગરના સાંસદ એલ.કે. અડવાણી આ વખતે મધ્યપ્રદેશની ભોપાલ બેઠક પરથી ચુંટણી લડે તેવી શકયતા છે. ભાજપના સાંસદ કૈલાસ જોષીએ મધ્યપ્રદેશની ભોપાલ બેઠક પરથી લડવા આમંત્રણ પાઠવ્યું છે.

***પ્રિયા દત્ત સામે પૂનમ મહાજન ચુંટણી લડશે***

મુંબઈના લોકપ્રિય સાંસદ અને અભિનેતા સુનિલ દત્તની પુત્રી પ્રિયા દત્ત સામે ભાજપે પૂનમ મહાજનને ટીકીટ આપી છે.



ભાજપના નેતા સ્વ. પ્રમોદ મહાજનના દિકરી પૂનમ મહાજન મુંબઈ નોર્થ સેન્ટ્રલની બેઠક પરથી કોંગ્રેસના પ્રિયા દત્ત સામે ઝંપલાવશે.

***પૂર્વ મીસ ઈન્ડિયા ગુલ પનાંગ 'આપ'માં જોડાયા***

લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગરમાવો વધી રહ્યો છે. આમ આદમી પાર્ટીએ દેશભરમાંથી ચુંટણી લડવાનો નિર્ણય કરતા દરરોજ નવા નવા ચહેરાઓ 'આપ'માં જોડાઈ રહ્યા છે.



પૂર્વ મીસ ઈન્ડિયા અને જાણીતી અભિનેત્રી ગુલ પનાંગ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

***નંદન નિલકેણીનું 'આધાર'માંથી રાજીનામું***

'આધાર' કાર્ડ યોજનાના સર્વે સર્વા નંદન નિલકેણીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. નંદન નીલકેણી બેંગ્લોર નોર્થ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે



ચુંટણી જંગમાં ઝંપલાવશે.

***રાજ બબ્બર ગાઝીયાબાદથી કોંગ્રેસના ઉમેદવાર***

જાણીતા અભિનેતા અને કોંગ્રેસના નેતા રાજ બબ્બર આ વખતે ગાઝીયાબાદથી ચુંટણી લડશે. રાજ બબ્બર છેલ્લી ઘણી ટર્મથી કોંગ્રેસના સાંસદ તરીકે ચુંટાઈ આવે છે.



### આઈપીએસ શ્રીકુમાર 'આપ'માં જોડાયા

અમદાવાદ, તા.૧૩

ગુજરાતના ભૂતપૂર્વ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ આરબી શ્રીકુમારે આજે આમ આદમી પાર્ટીમાં પ્રવેશ મેળવ્યો હતો. તેઓ આજે સાંજે સાત વાગે આમ આદમી પક્ષના કાર્યાલય ખાતે પહોંચ્યા હતા અને જાતે જ પક્ષના પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરાવી હતી. શ્રીકુમાર ૧૯૭૨ બેચના આઈપીએસ અધિકારી છે તેમણે છેલ્લા ઘણા સમયથી મોદી સરકાર સાથે મતભેદો ચાલતા હતા અને તેઓ રાજકીય દ્વેષના શિકાર પણ બન્યા હતા.